# મારી ઈચ્છા ભારતમાં જ શિક્ષણ મેળવવાની હતી



## ડો .પ્રજ્ઞેશ શાહ

કાર્ડિયોલોજીસ્ટ

ડૉક્ટરને ભગવાનનું બીજું રૂપ માનવામાં આવે છે કારણ કે એક ડૉક્ટર જ છે જે દર્દીને મોતના મુખમાંથી પાછો ખેંચી લાવવાની કાબેલિયત ધરાવે છે. સુરતના જાણીતા હૃદયરોગ નિષ્ણાતોની જો વાત નીકળે તો તેમાં ડૉ. પ્રજ્ઞેશ શાહનું નામ અચૂક લેવાય. પ્રજ્ઞેશભાઇએ આ સફળતા હાંસલ કરવા માટે મેડિકલ ક્ષેત્રે ખૂબ જ લાંબો પ્રવાસ ખેડ્યો છે.

મૂળ સુરતી એવા ડૉ. પ્રજ્ઞેશભાઇનો જન્મ માયાનગરી મુંબઇમાં થયો હતો. તેમના પિતા રમેશભાઇ શાહ સુરતના જૂના અને જાણીતા ફિઝિશિયન અને માતા પણ વેલ એજ્યુકેટેડ હોવાથી પ્રજ્ઞેશભાઇનો ઉછેર ખૂબ જ સારા વાતાવરણમાં થયો હતો. તેમનાં બહેન પણ એક જાણીતા પેથોલોજિસ્ટ ડૉક્ટર છે. તેમના પિતા રમેશભાઇ શાહે તો લંડનમાં અભ્યાસ કર્યો છે. આથી એક સારા ડૉક્ટર તરીકેનાં લક્ષણ તેમને ગળથૂથીમાંથી જ મળ્યાં હતાં. તેઓ ભણવામાં ખૂબ જ હોંશિયાર હતા. પ્રજ્ઞેશભાઇનું મેથ્સ અને ફિઝિક્સ ખૂબ જ સારું હોવાથી ૧૨ પાસ થયા પછી તેમની પોતાની ઇચ્છા એન્જિનિયરીંગ ક્ષેત્રે આગળ વધવાની હતી. પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ અને કુટુંબના માર્ગદર્શન હેઠળ મેડિકલ લાઇન પસંદ કરી હતી. પ્રજ્ઞેશભાઇની શાળાકીય અને કોલેજની શૈક્ષણિક કારકિર્દી ખૂબ જ ઉજ્જવળ રહી હતી. સુરતમાં એમ.બી.બી.એસ અને એમ.ડી.ની ડિગ્રી મેળવ્યા બાદ તેમણે મુંબઇની વિશ્વ વિખ્યાત ગ્રાન્ટ મેડિકલ કોલેજમાં એડમિશન લીધું હતું. ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટને લગતી વિશેષ તાલીમ તથા એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી, બલુન ઓપરેશન અને પેસમેકરની ઘનિષ્ઠ તાલીમ પણ મુંબઇથી જ મેળવી હતી. મુંબઇની પ્રખ્યાત જશલોક હોસ્પિટલના વિશ્વમાં નામના ધરાવતા ડૉ.અશ્વિન મહેતાના માર્ગદર્શન હેઠળ તેમણે હૃદયરોગ ફેલોશીપ પ્રાપ્ત કરી હતી. ડૉ. પ્રજ્ઞેશ શાહે તેમની હૃદયરોગ નિષ્ણાત તરીકેની પ્રેક્ટીસ બી.ડી.મહેતા મહાવીર હાર્ટ ઇન્સ્ટિટ્યુટમાં કરી હતી. તેઓ સુરતની અન્ય ખ્યાતનામ હોસ્પિટલો સાથે પણ સંકળાયેલા છે. પોતાના વિદ્યાર્થીકાળના દિવસોને યાદ કરતા પ્રજ્ઞેશભાઇ જણાવે છે કે,'તે સમયે સુરતમાંથી હું પ્રથમ વિદ્યાર્થી હતો જેણે પોસ્ટ ગ્રેજ્યુએશનમાં એડમિશન મેળવવા ઓલ ઇન્ડિયામાં ૧૧૬મું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. મારી ઇચ્છા ભારતમાં જ શિક્ષણ મેળવી અહીં જ રહી દેશની સેવા કરવાની હતી'

હૃદયરોગ ક્ષેત્રે ૧૨ વર્ષનો બહોળો અનુભવ ધરાવનાર ડૉ. પ્રજ્ઞેશ શાહે ૧૦૦૦૦ થી વધુ એન્જીયોગ્રાફી અને ૨૦૦૦ થી વધુ એન્જીયોપ્લાસ્ટી કરી છે. તેઓ જુદી જુદી ઉંમરે થતા હૃદયરોગ અને તેની સારવાર અંગે બહોળો અનુભવ ધરાવે છે. હૃદયરોગના ગંભીર દર્દીઓ જેમ કે હાર્ટફેલ્યોર, લો બી.પી, ચાલુ હાર્ટએટેકના દર્દી અને વેન્ટીલેટર પરના ગંભીર દર્દીમાં એન્જિયોપ્લાસ્ટી કરવાનો અનુભવ તેમની પાસે છે. આ સાથે તેઓ નાનાં બાળકોની ઇકે-કાર્ડિયોગ્રાફીમાં પણ નિપુણતા ધરાવે છે. તેઓ જણાવે છે કે, 'અભ્યાસ દરમ્યાન તો કોઇ ખાસ મુશ્કેલી નડી નથી પરંતુ ડૉક્ટર બન્યા બાદ જવાબદારી વધતા સંજોગો પણ બદલાયા છે. એક ડૉક્ટરના જીવનમાં હંમેશાં સંઘર્ષની પરિસ્થિતિઓ આવતી જ રહે છે. એક હૃદયરોગ નિષ્ણાત હોવાથી દર્દીના જીવન-મરણનો પ્રશ્ન આવતા અવારનવાર કપરી પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે. અઠવાડિયામાં ઓછામાં ઓછી ત્રણ વખત તો આવી પરિસ્થિતિ આવીને ઊભી જ રહે છે.'

ડૉ. પ્રજ્ઞેશભાઇની કાર્ય નિપુણતાને વિશ્વ કક્ષાની ગણી શકાય. તેમણે પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ વાર એઓર્ટીક સ્ટેન્ટ ગ્રાફટીંગ નામની એન્જીયોપ્લાસ્ટી કરીને સિદ્ધિ હાંસલ કરી હતી. આ પ્રકારની મુશ્કેલ એન્જીયોપ્લાસ્ટી આખા ભારત દેશમાં સાતમી છે. આ સિવાય પ્રજ્ઞેશભાઇ હૃદયરોગને લગતાં સંમેલનોમાં પણ અવારનવાર ભાગ લેતા રહે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હૃદયરોગને લગતા સંમેલનમાં ભાગ લઇ તેઓ પોતાના વિષયને લગતી અત્યાધુનિક માહિતી મેળવતા રહે છે. તેઓ સ્થાનિક ધોરણે તેમ જ રાષ્ટ્રીય સ્તરે હૃદયરોગને લગતા વિષયો પર વ્યાખ્યાન પણ આપે છે. જેથી પોતાની પાસે રહેલા જ્ઞાનનો ઉપયોગ અન્ય નિષ્ણાતો પણ કરી શકે અને કોઇ દર્દીનો જીવ જતો બચાવી શકાય. ડૉ.પ્રજ્ઞેશભાઇ શાહ એક એવા નિષ્ણાત છે જેમનામાં દર્દીઓને સુરક્ષિતતા અને પ્રામાણિકતાના દર્શન થાય છે. તેઓ પોતાના દર્દીઓને ઓછા ખર્ચે સારી સારવાર આપવામાં જ પોતાની સાચી ખુશીનો અનુભવ કરે છે.

> એક હૃદયરોગ નિષ્ણાત હોવાથી દર્દીના જીવન-મરણનો પ્રશ્ન આવતા અવારનવાર કપરી પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે

વધુ જાણવા QR સ્કેન કરો



Creative minds have always been known to survive any kind of bad training. - Anna Freud